સુવિચાર : આવક વધારે હોય છે ત્યારે કદી ધન બચતું નથી પણ ખર્ચ ઓછો હોય ત્યારે જ બચે છે - નુફાત

**તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૦ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

● જુલાઈ સુધી ૨૩૬૦૪ પંચાયતમાં ઓપ્ટિકલ ફાઈબર

● લુફ્તાન્સા પાયલોટો હડતાલ ઉપર : હજારો ફ્લાઈટો રદ

● આસામ પુરથી અસરગ્રસ્ત ક્ષેત્રોમાં રોગચાળાનો ભય

● રિકવરી જારી : સેન્સેક્સમાં ૪૦૨ પોઈન્ટનો વધુ સુધાર

● સ્પેક્ટ્રમ ટ્રેડિંગ માર્ગદર્શિકાને કેબિનેટની મળેલી લીલીઝંડી

● ભાજપ બિહાર ચુંટણીમાં સૌથી શક્તિશાળી પક્ષ તરીકે ઉભરશે

● યમનમાં હુમલામાં કોઈપણ ભારતીયનું મોત થયું જ નથી

રાજપથના પાર્કિંગમાં સુતેલા બાળક પર યુવાને કાર ચડાવી

# બિહારમાં પાંચ તબક્કામાં મતદાન યોજાશે




નવી દિલ્હી,તા.૯ બિહારમાં વિધાનસભાની ચુંટણી માટેના કાર્યક્રમની જાહેરાત થતાની સાથે જ રાજકીય ગતિવિધિઓ વધી ગઈ છે. કાર્યક્રમની જાહેરાત થતાંની સાથે જ આચારસંહિતા પણ અમલી બની ગઈ છે. આનો મતલબ એ થયો કે બિહારમાં હવે કોઈપણ પોલીસી નિર્ણયો લઈ શકાશે નહીં. આજે બપોરે અઢી વાગ્યે પત્રકાર પરિષદ યોજીને બિહાર ચુંટણીના કાર્યક્રમની જાહેરાત કરાઈ હતી. મુખ્ય ચુંટણી કમિશનર નસીમ ઝૈદીએ કાર્યક્રમની જાહેરાત કરતા કહ્યું હતું કે, બિહારમાં પાંચ તબક્કામાં વિધાનસભાની ચુંટણી યોજવામાં આવશે. મતગણતરી આઠમી નવેમ્બરે યોજાશે. બિહારમાં પાંચ તબક્કામાં ૧૨મી ઓક્ટોબરથી ૫મી નવેમ્બર વચ્ચે બિહાર વિધાનસભાની ચુંટણી યોજાશે. મુખ્ય ચુંટણી કમિશનર ઝૈદીએ માહિતી આપતા કહ્યું હતું કે, ૨૪૩ સભ્યોની વિધાનસભાની ચુંટણી પાંચ તબક્કામાં યોજાશે.

**૮મી નવેમ્બરે ચુંટણી પરિણામની જાહેરાત કરવામાં આવશે : બિહારમાં કુલ પાંચ તબક્કાઓમાં ૧૨મી ઓક્ટોબરથી પાંચ નવેમ્બર વચ્ચે વિધાનસભાની ચુંટણી યોજાશે : પ્રથમ તબક્કામાં ૧૨મી ઓક્ટોબરે મતદાન**

પ્રથમ તબક્કા માટે મતદાન ૧૨મી ઓક્ટોબરે, બીજા તબક્કા માટે મતદાન ૧૬મી ઓક્ટોબરે, ત્રીજા તબક્કા માટે મતદાન ૨૮મી ઓક્ટોબરે, ચોથા તબક્કા માટે મતદાન પહેલી નવેમ્બરે અને અંતિમ ચરણનું મતદાન ૫ નવેમ્બરના દિવસે યોજાશે. પ્રથમ તબક્કામાં ૪૯, બીજા તબક્કામાં ૩૨, ત્રીજા તબક્કામાં ૫૦, ચોથા તબક્કામાં ૫૫ અને પાંચમા તબક્કામાં ૫૭ બેઠક માટે મતદાન યોજવામાં આવશે. પરિણામોની જાહેરાત ૮મી નવેમ્બરના દિવસે કરવામાં આવશે. પ્રથમ ચરણ માટે જાહેરનામું ૧૬મી સપ્ટેમ્બરના દિવસે જારી કરાશે. ૨૩મી સપ્ટેમ્બરના દિવસે પ્રથમ તબક્કા માટે ઉમેદવારી દાખલ કરવાની છેલ્લી તારીખ રહેશે.

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં છ ટકાનો વધારો

નવી દિલ્હી,તા.૯ કેન્દ્ર સરકારના કર્મચારીઓને તહેવાર પહેલાં જ મોટી ખુશી મળે તેવા ઘટનાક્રમમાં કેન્દ્રીય કેબિનેટે મોંઘવારી ભથ્થા અથવા ડીએને ૧૧૩ ટકાથી વધારીને ૧૧૯ ટકા કરવાની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. આ વધારાથી ૧ કરોડથી વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શન મેળવી રહેલા લોકોને સીધો લાભ થશે. મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, કેન્દ્રીય કેબિનેટે મોંઘવારી ભથ્થાનો દર ૬ ટકા વધારીને ૧૧૯ ટકા કરવાને મંજુરી આપી છે. અત્રે નોંધનીય છે કે, એપ્રિલમાં સરકારે ડીએને છ ટકા વધારીને કર્મચારીના મૂળ પગારના ૧૧૩ ટકા કરવાની જાહેરાત કરી હતી અને તેને જાન્યુઆરીથી અમલી બનાવવાની જાહેરાત કરી હતી. ડીએની ચુકવણી મૂળ પગાર મુજબ કરવામાં આવે છે. ડીએમાં આ વધારો પહેલી જુલાઈથી અમલી કરવામાં આવશે. ડીએમાં વધારો છઠ્ઠા વેતન પંચની ભલામણના આધાર ઉપર સ્વીકાર્ય ફોર્મ્યુલા ઉપર આધારીત છે. આનો સીધો લાભ ૪૮ લાખ સરકારી કર્મચારી અને ૫૫ લાખ પેન્શન મેળવી રહેલા લોકોને થશે. ડીએમાં આ સુચિત વધારાને

**એક કરોડથી વધારે સરકારી કર્મચારી, પેન્શન મેળવનારને લાભ : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મોંઘવારી ભથ્થાનો દર છ ટકા વધારી ૧૧૩ ટકાની જગ્યાએ ૧૧૯ ટકા કરાયો : પહેલી જુલાઈથી ડીએ વધારાને અમલી કરાશે**

જુલાઈથી અમલી ગણવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડીએમાં વધારો છેલ્લા ૧૨ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સના સરેરાશ પર આધારીત રહે છે. ગયા મહિનામાં જ કેબિનેટે સાતમા વેતનપંચની અવધિને ચાર મહિના સુધી લંબાવવાની દરખાસ્તને મંજુરી આપી હતી અને આની અવધિને ૩૧મી ડિસેમ્બર સુધી લંબાવી હતી.



**ઓમ નમો અરિહંતાણામ્** - પાવન પર્યુષણ પર્વના પ્રારંભે ભગવાન મહાવીરના ચરણોમાં પ્રાર્થીએ કે, સમાજમાં હિંસાનું તત્વ નષ્ટ થાય અને જીવદયા વધુ ને વધુ પ્રસરે એવી સૌમાં ભાવના પ્રગટાવે... ભગવાન મહાવીર પર્યુષણના પાવન પર્વે આપણા સૌમાં ભાતૃભાવની લાગણી છલકાતી રહે અને નવકાર મંત્ર ચરિતાર્થ કરવાની સમર્થતા આપે એવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના. **(તસવીર : દિપક જાની)**

# જિલ્લાની ૪૦ પ્રાથમિક શાળાઓમાં ૪ વર્ષના બાળકોને પ્રવેશ અપાયો

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આવેલ ૮૦૦થી વધુ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓમાં પાંચ વર્ષથી નાની વયના બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યાની ચોંકાવનારી હકીકતે શિક્ષણતંત્રને હચમચાવી દીધું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૪૦થી પણ વધુ શાળાઓમાં આવા ભૂલકાંઓને પુષ્કળ પ્રમાણમાં પ્રવેશ અપાયો છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ તથા પ્રાથમિક શિક્ષણ નિયામકના સ્પષ્ટ આદેશ પછી પણ રાજ્યની



કોઈપણ શાળામાં પાંચ વર્ષ પૂર્ણ ન કરેલ કોઈ પણ બાળક પ્રવેશપાત્ર થતો ન હોવાથી પ્રવેશ આપી શકાતો નથી. ઓગષ્ટ સુધી શાળાઓમાં સામાન્યતઃ પ્રવેશ આપવામાં આવતો હોય છે. ગાંધીનગર જિલ્લામાં આધાર ડાયસ અંતર્ગત બાળકોની ડેટા એન્ટ્રી દરમ્યાન આવા બાળકો ટ્રેક થયા છે. જિલ્લાની ખાનગી તેમજ સરકારી શાળામાં પણ આવા બાળકો નોંધાયેલા જણાયા છે.

જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટરની સૂચના અન્વયે એમ.આઈ.એસ. પ્રભાગ દ્વારા આ ટ્રેકીંગને આધારે શાળાઓને નોટીસ પાઠવવામાં આવેલ છે. તથા આવા બાળકોના પ્રવેશ પણ રદ કરવાના આદેશો શાસનાધિકારી દ્વારા કરવામાં આવ્યા છે.

પ્રવેશ પ્રક્રિયાને અંતે તાલુકા કક્ષાએ તાલુકા પ્રા. શાસનાધિકારીઓ પણ સમગ્ર પ્રવેશ કાર્યનું મોનીટરીંગ કરતા હોય છે, પરંતુ આ વખતે કેમ આવી ચૂક થઈ છે

**તંત્રે હરકતમાં આવી આ શાળાઓને નોટીસો ફટકારી પ્રવેશ રદ કરવાના આદેશો જારી કર્યા**

તેને લઈ પણ ચર્ચાઓ તંત્રમાં ખાનગી રાહે શરૂ થવા પામી છે. જિલ્લામાં આધાર ડાયલની એન્ટ્રીઓ હાલ ચાલી રહી છે અને આગામી દિવોસમાં આવી કેટલી શાળાઓ છે અને કેટલા બાળકો છે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા શિક્ષણ તંત્રએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. ૨૦૧૫-૧૬માં જિલ્લાની ખાનગી તથા સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૯ હજારથી વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. આધાર ડાયલ અંતર્ગત બાળકને ૧૮ ડિજિટનો નંબર અપાય છે અને તે તેના શૈક્ષણિક ક્ષેત્ર માટે સૌથી મહત્વનો ગણાય છે જેમાં બાળકને લગતી તમામ બાબતો હોય છે. ખાનગી શાળાઓમાં આવા બાળકો વધુ હોવાનું જાણવા મળેલ છે. જોકે સરકારી શાળાઓ પણ આવા બાળકો હોવાથી તંત્ર અત્યંત ગંભીરતાથી આ બાબતને લઈ રહેલ છે. જિલ્લામાં પ્રથમવાર આવી ચોંકાવનારી ઘટના બહાર આવી છે અને તે માટે શિક્ષણમાં બાળકોની સંખ્યા અંગેની સ્પર્ધાઓ ચાલતી હોવાનું કારણ સૌથી વધુ જવાબદાર મનાઈ રહ્યું છે.

# પંચાયતની ૩૦ બેઠક માટે ૬,૯૧,૨૭૩ મતદારો

ગાંધીનગર, તા. ૯ ગાંધીનગર જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ૬,૯૧,૨૭૩ મતદારો મતદાન કરી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરશે.

જિલ્લાતંત્ર દ્વારા મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરાઈ છે અને આજે સાંજ સુધી નવા નામ દાખલ કરવા માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે જ્યારે ૨૧મી સપ્ટેમ્બર મતદાર યાદીની આખરી

**નવા સીમાંકન અને નવા નિયમો સાથે યોજાનારી ચૂંટણી માટે સજ્જ થતુ તંત્ર : ૨૧મી સપ્ટેમ્બરે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરાશે**

પ્રસિદ્ધિ કરવામાં આવશે.

મતદારયાદીની કરાયેલી પ્રાથમિક પ્રસિદ્ધિ મુજબ જિલ્લામાં નોંધાયેલા કુલ મતદારોની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીનું જાહેરનામુ છેલ્લા સપ્તાહમાં ?

ગાંધીનગર, તા. ૯

મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થતાં જ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા જાગી છે કે સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં રાજ્ય ચૂંટણી પંચ આ ચૂંટણી માટેની વિધિવત્ ઘોષણા કરશે. પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતની ચૂંટણી માટે ૧૨ દિવસ પ્રચાર અભિયાન માટે આપવામાં આવશે. ઓક્ટો.ના અંતમાં મતદાન યોજાય અને નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં મત ગણતરી હાથ ધરાશે.

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિત્તે**

**શ્રધ્ધાંજલિ**



જન્મ તા. ૨૪-૦૧-૧૯૫૬ સ્વ. તા. ૧૦-૦૯-૨૦૧૪

**સ્વ. કનુસિંહ નેનસિંહ વાઘેલા** પૂર્વ : પ્રમુખશ્રી પેથાપુર નગરપાલિકા

જીવન સદા એવુ જીવ્યા કે, જીવનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે, હૃદયમાં ગુંજ્યા કરે, આત્મા પરમાત્માનું મિલન થયું, સ્નેહની સુવાસ ફેલાયા કરે, પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

લી.

યુસુફભાઈ આઈ.પરમાર (પૂર્વ ડે. મેયર ગાંધીનગર મહાનગરપાલિકા )
હજીયાણી શકીનાબેન આઈ.પરમાર
હાજી ઈબ્રાહીમભાઈ આઈ.પરમાર
દાદુભાઈ આઈ.પરમાર
ઈકબાલભાઈ આઈ.પરમાર
યાકુબભાઇ આઇ.પરમાર
યુનુસ વાય.પરમાર (પ્રમુખ સમગ્ર સુન્ની મુસ્લીમ જમાત પેથાપુર)
યાસીફ વાય.પરમાર
રોશનબેન વાય.પરમાર
હજીયાણી અમીનાબેન આઈ.પરમાર

તથા એસ.આઈ.એન્ટરપ્રાઈઝ પ્રા.લિ. તથા સમસ્ત પરમાર પરિવાર પેથાપુર




**IELTS**

ADMISSION OPEN
- MORNING BATCH - 8 am to 10 am
- EVENING BATCH - 7 pm to 9 pm
- NOON BATCH - 11 am to 1 pm

Unique Batch Timings

Scholarship For Students Scoring 6+ Band

**STUDY ABROAD**

USA UK Germany Australia Poland Canada NZ

REFUSED CASES : નિરાશ થયા વગર આશાવાદી થાઓ, અમારા સાથે જોડાવો.

MOS® MARUTI OVERSEAS
Change begins with us...

3 STEPS TO STUDY ABROAD WITH MOS
MEET OUR EXPERT COUNSELLOR | HELP WITH YOUR APPLICATIONS | PACK YOUR BAGS AND PREPARE TO DEPART!

713, Megh Malhar Complex, 7th Floor, Sector 11, Gandhinagar.
✆ 9879792550 / 9099942550

**ફોરેન એજ્યુકેશન સેમીનાર**
- ધોરણ ૧૨ પછી શું અને ગ્રેજ્યુએશન પછી શું ?
- આવો અમારી સાથે જોડાવો અને તમારા ભવિષ્ય માટે સચોટ માર્ગદર્શન અમારા અનુભવી કાઉંસેલર પાસેથી મેળવો.
- વિદેશમાં અભ્યાસની તક સાથે કમાવાની તક અને વિદેશમાં સ્થાયી થવાની તક વિશે સંપૂર્ણ જાણકારી મેળવો.
- આપને મૂંઝવતા દરેક પ્રશ્નોના જવાબ અમારી પાસેથી મેળવો.
- વિશ્વમાં ૧૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓને બેસ્ટ રેન્ક ધરાવતી યુનિર્વસિટીસમાં એડમીશન અપાવનારી કંપની.
- વીઝા ફાઈલ, વીઝા ઈન્ટરવ્યુ અને SOP નુ સંપૂર્ણ માર્ગદર્શન